પત્નીવિયોગ.

શ્રીમતિ કરૂણાગવરીનું સ્વર્ગગમન.

કર્તા અને પ્રસિદ્ધ કર્તા

મધુવચરામ બાળવચરામ સુરત સંઘાડીઆવાડ

સંવત ૧૯૭૨ અને ૧૯૧૬

पत्नीवियोग.

સંવત ૧૯૭૦ ના શ્રાવણ શુદ ૫-૬ સોમવાર તા. ૨૭ મી જુલાઈ ૧૯૧૪.

હે પ્રાણપત્નિ મુજ હંસિ ગઈ ઉડી તું,
પૃથ્વી પડયો હિનગતી બણિને રડી હું;
રે ઉષ્ણ અશ્રુ જળ વ્યર્થ ગયાં વહી રે,
બાળી ન દેહ મુજ તે હજિ આ રહી રે. ૧.

મિથ્યા તમે રડિ રડિ નયનો સુકાયાં,
ન્યાળ્યું ન સ્નેહિ નયને, તમને શું વાહ્યાં;
કલ્પાંતથી દિગમુઢા થઇ બુદ્ધિ ભોળી,
સર્વાંગ સુરણ સમુ કિધું રક્ત રોળી. ૨.

રે શું પ્રિયા નહિં દયા દિલમાંહિ લાવે,
છે શું તને ઘટિત એ, પુછું એજ હાવે;
સાધી લિધો પ્રથમ સ્વારથ આજ તારો,
કીધો કંઈ નહિ વિચાર જરાય મારો. ૩.

સાચું પ્રધાનપદ આજ લગી ચલાવ્યું,
મારૂં વડું અહતું રાજય રૂડું દિપાવ્યું;

થાશે દશા મુજ તણી શું અહ્રી હુવે રે,
ઈર્ષાળુ દ્વેષિ ભુંડું દુર્જનિઆં લવે રે. ૪.

હું એકલો તુજ વિના અહિં ક્યાં રહ્યો છું,
વીચારતાં પુરણ મૂઢ બણી ગયો છું;
પુરૂષ પ્રકૃતિ વિના નથિ વ્યક્તિ ક્યાંહિ,
એ સૃષ્ટિનો નિયમ તે શું ગયો ભુસાઇ. ૫.

વિશ્રામનો પરમ આશ્રમ જે હતો રે,
ઉઠી ગયો સભય શુન્ય નિહાળતો રે;
જીવુંછ કે મરિ ગયો નહિ તે હું જાણું,
શું ભૃતરૂપ ભમતો નિજને પ્રમાણું. ૬.

વાણી મૃદુલ તુજ હું હજિ સાંભળું છું,
સૂઝે ન સાચું કંઈ સંશયમાં બળું છું;
તારૂં મધુર અતિ નિર્મળ હાસ્યવાળું,
પ્રેમાળ પદ્મ મુખ દૃષ્ટિથિ કેમ ટાળું. ૭.

તારી કુંળી કમળગર્ભસમાન કાંતી,
વિસ્તારતી હતિજ શીતળ નિત્ય શાંતિ;
પ્રત્યક્ષ તારૂં રૂપ દર્શણ થાતું જ્યારે,
જાતો ભુલી તરત સ્થળનું ભાન ત્યારે. ૮.

સૌંદર્ય, દિવ્ય અતિ સૂક્ષ્મ નિરૂપ તેજ,
સન્મૂખ જોઇ અતિ વિસ્મિત થાઉં સ્હેજ;

ચૈતન્યનાં નવનવાં ઉછળે તરંગ,
સ્પર્શે થતો વિમળ શું મૂજ અંતરંગ. ૯.
અદ્ભૂત પ્રેમ અકળીત રહ્યા છવાઇ,
આપે નવું જિવન પીયુષ લ્હેર પાઇ;
અર્ધાંગના મુજ ખરી અહિં નીવડી તું,
પામ્યો શિખામણ ઘણી તુજથી વડી હું. ૧૦.
સદ્ગૂણ કોમળ મળ્યા નિજ હિતકારી,
તેં મૂજ ઉન્નતિ મહીં કરિ વૃદ્ધિ સારી;
શું લૂલિ ચર્મરસના તુજ ગૂણ ગાએ,
સામાન્ય નાર સમ તું ન કદિ ગણાએ. ૧૧.
સંભારૂં શું ગુણ રૂડા શુભકારી તારા,
વર્ષાવતી પરમ પીયુષ એક ધારા;
જેને કદી નહિં જરી રિસરોષ દીઠાં,
સુશીલતા વિનય શબ્દ સદાય મીઠા. ૧૨.
સંપૂર્ણ નમ્ર વળિ શાંત સદા સ્વભાવે,
નિત્યે પ્રસન્ન મુખ તે કહિં જોઉં હાવે;
દેખી દુખો અવરનાં દિલ તૂજ દાઝે,
નિત્યે પ્રયત્ન કરતી પરહિત કાજે. ૧૩.
શ્રી ગુરૂ દેવ ચરણે ચિત નિત્ય થાપ્યું,
છે શીવ શબ્દથી સદા સરવાંગ વ્યાપ્યું;

સદ્દભક્તિની પરમ મૂર્તિ તુને નિહાળી,
તેં જન્મ સાર્થક કિધો નિજ ધર્મ પાળી. ૧૪.

સંસ્કારી તું જીવ હુવે ફરિ કયાં મળે રે,
વાર્તા ન જ્ઞાનની મને ઊતરે ગળે રે;
મારે ખરે સુરજ અસ્ત થયોછ આજે,
છાયું તિમિર ભયના ઘટ શબ્દ ગાજે. ૧૫.

રે જ્ઞાનનું નથી ગજું તમ છેદવાને,
આસુરિ વંદ વળગ્યું ચિત ભેદવાને;
શું રૂપને અસત કલ્પિત છેક માનું,
શું તું કહેછ મુજ અંતર છેક છાનું. ૧૬.

જો તે હતું અસત કલ્પિત ભ્રાંતિકારી,
તો શું નથી અસત તેમજ દેહ મારી;
જોડાયું પ્રેમથી અસત્યજ જો અસત્યે,
વીયોગ દુઃખ તવ કેમ ન બેઉ પ્રત્યે. ૧૭.

કલ્પાંત આ મન કરે મન સત્ય ન્હોએ,
સાચે સજાતિય સજાતિય સત્ય જોએ;
સામાન્ય છે પ્રસિધ ધર્મજ એજ તેનો,
માર્યું નહિ મન મરે, નથી વાંક તેનો. ૧૮.

તારૂં સ્વરૂપ અહિંનું ગયું તે ગયું રે,
તે અગ્નિને અરપતાં દિલ ના દહ્યું રે;

રે ત સમર્પણ કિધું વળિ નીજ હાથે,
ઓ છાત તું કઠિન વજ્ર ન કેમ ફાટે. ૧૯.

અત્યંત કોમળ સુરમ્ય શરીર જે છે,
કાષ્ટો કઠીન પકડી ભડકે દહે છે;
જોઇ રહી કયમ તમે કૃતિ દુષ્ટ કુડી,
રે કેમ ના ગઇ પુટી મુજ નેન ભુંડી. ૨૦.

હું વેગળો પળ થતાં મન જે મૂઝાતી,
તેને મુકી ઘર વળ્યો ધિક મૂજ છાતી;
જોવું નથી ફરિ હવે રૂપ એ રસાળું,
તો કલેશની ઉરમિઓ કયમ આપ વારૂં. ૨૧.

રે ભૂતને સ્મરિ સ્મરિ મનડું મુઝાએ,
તારો અતી વિમળ પ્રેમ નહીં મપાએ;
હુતો નચિંત સુખિ હું તુજથી સદાએ,
તુને કૃત્યજ્ઞ કયિ પેર હવે થવાએ. ૨૨.

કો કાળમેં કઠિન વેણ કહી કહ્યાં રે,
તેં તે પ્રસન્ન ચિતથી સઘળાં સહ્યાં રે;
સંભારીને મુજ કૃતી હમણાં અશેષ,
છે ધન્ય ધન્ય તુજને, કરૂં આપ કલેશ. ૨૩.

કીધું ન કીધું કયમ તે ન હવેજ થાએ,
વીતી ગઇ પળ હવે ફરિ ના ઝલાએ;

કંપીત છે રૂદય થરથર છેક ધ્રજે,
શું હું કરૂં મમ પ્રિયા નહિ લેશ ં ઝે. ૨૪.
શ્રી ગુરૂ દેવની કૃપા તુજ અંતકાળે,
પ્રત્યક્ષ જોઇ જિવ ધીરજ દીલ વાળે;
કલ્યાણ સત્વર સુનિશ્ચય સોહ્ય તારૂં,
સદ્‌ભાગ્ય છે તુજ અને દુર્ભાગ્ય મારૂં. ૨૫.
વિવેકને સમજતાં કરતો વિચાર,
રે શું ગયું વ્યરથ કલેશ કરૂં અસાર;
રે જે હતું અસત તેની રજીજ ભ્રાંતી,
વિનાશી તે અચળ હે કયમ સુખ શાંતી. ૨૬.
જે સત્ય નિત્ય અવિનાશી અખંડ ભાસે,
તે સર્વવ્યાપિ મુજથી શું વિરક્ત થાશે;
તું મૂજ અંતર વિશે રહિ છે છુપાઇ,
આત્મા છતે તુજ વિયોગ ન હોય કાંઇ. ૨૭.
જેને ઉરે રમિ રહી જુઠી ભિન્નતા રે,
તેને વિયોગથી દમે દિલ ખિન્નતા રે;
જોડયું હતું જડ નહિં જડ સંગ કયારે,
આકર્ષણે જડ જરા નવ શક્તિ ધારે. ૨૮.
ચૈતન્યની અકળ શક્તિ સદાય એ છે,
ચૈતન્ય ના જનમતું નહિ તે મરે છે;

આદી અનાદિ અવિકારી સદા પ્રકાશે,
સંલગ્ન જે પુરવનું, વિખુટું ન થાશે. ૨૯.
છોને નહી ચરમ ચક્ષુ તને લહેરે,
તું જીવનું જિવન અંતરમાં રહે રે;
અજ્ઞાનને પટ પડી લહું સર્વ સૃષ્ટિ,
પેખે ન સત્ય પટ પાછળ રૂપ દૃષ્ટિ. ૩૦.
દેહો રૂપી ઘટ પટાંતર વિઘ્નકારી,
તે મીટતાં દિપતિ એકજ જયોત ન્યારી;
શ્રી ગુરૂ દેવ કરૂણાનિધિની કૃપાએ,
એ આવતાં સમય નિશ્ચળ શાંતિ થાએ. ૩૧.
એવા વિચારથી મથી ચિત શાંતિ શોધું,
ઉત્પાત અંતરતણા દુખદાઈ રોધું;
આહા! બળિષ્ટ દમતી પણ છેક માયા,
તેની ફરી ફરી મને પિડતીજ છાયા. ૩૨.
તું તો હતી નથિ હવે મન એમ થાએ,
હાંવાં ફરી નહિ અહીં નિરખું કદાએ;
તું તો ગઈ ગઈ ખરે અહિંથી પ્રિયા રે,
તારૂં થજો પરમ શુભ હવે સદા રે. ૩૩.
હે દિવ્ય દેહધર શ્રીમદ્ ગુરૂ દેવા,
કારૂણ્ય મૂર્તિ કરવા ચરણાબ્જ સેવા;

સંસારના વિષયને વિખરૂપ ઝાંખી,
સંબંધ સર્વ ક્ષણભંગુર તોડિ નાખી. ૩૪.
ભાવિક ભક્ત કરૂણા ગવરી પધારે,
ચોંટયું સ્વચિત્ત પદ પંકજ તે તમારે;
છે ભીરૂ એ રૂદય કોમળ નાથ જોજો,
માર્ગે સહાય તમ કેરી સમર્થ હોજો. ૩૫.
લે છે પ્રભુજી તમ આશ્રય એ વરીષ્ટ,
એના થજો સકળ મોહ સમૂળ નષ્ટ;
કલ્યાણકારી તમ હસ્ત શિરેજ થાપો,
શાંતિ: અને પરમ સૂખ પ્રભુજી આપો. ૩૬.

સમાપ્ત.

સુરત ખપાટીઆ ચકલા ઉપર લક્ષ્મીનારાયણની વાડીમાં આવેલા
"જૈન વિજય" પ્રિન્ટીંગ પ્રેસમાં મુળચંદ કસનદાસ
કાપડીયાએ છાપ્યો અને સુરત સંઘાડીયાવાડમાંથી
મથવચરામ બળવચરામે પ્રસિદ્ધ કર્યો.